શ્રી.

મહેમદાવાદની મઝા.

વગર પૈસાનો વેપાર

શેઠીયો સાગરમાં ડુબ્યો

ગાડીની ગમ્મત.

ભાગ પહેલો.

છપાવી પ્રસિદ્ધ કર્તા.

શા ભાઇલાલ મગનલાલ.

મહેમદાવાદ.

આવૃતી પહેલી. પ્રત ૧૦૦૦.

ધી અમરસિંહજી પ્રીન્ટિંગ પ્રેસ—અમદાવાદ.

કિંમત રૂ. ૦—૨—૦

ટુંક વૃત્તાંત.

મારા સ્વદેશી મીત્રો, સ્વદેશી ભાઇઓ, સ્વદેશાભિમાન રાખવા દેશી હુન્નરને માન આપવા આપે કરામત શીખવા, આપે પુરૂષાતન લેવાની ખાસ ફરજ છે વિચારો કે આપણા બાપદાદાઓ શો ધંધો કરતા હતા અને તેમણે તેવા ધંધામાં પૈસા પ્રાપ્ત કર્યા. તેવા ધંધાને મુકી એક પાપી પેટને વાસ્તે પોતાનું પુરૂષાતન ગુમાવી પારકા પેટપર પારી (છરી) મુકવી તેના કરતાં આ અંધારી અવનીમાં મરવું બહુ સારૂં છે- પછી (ધણીને સુજયું ઢાંકણીમાં ને પાડોસીને સુજ્યું આરશીમાં) વળી કહેવત છે કે (મરતાં માંટીને બાપ કહે જીવનાર નથી.)

બન્ને ભાગની સમજુતી.

સ્થળ—મહંમદનગર.

પંશુવો—જનાવર.	પાનીઓ—પત્થર.
મસ્તુખાં—મનથી મસ્ત	મીજાજખાં—ક્રોધ.

આ ચાર જુગારીઓ.

મુસાફર—જીવ.	રૂપવંતિ—પોતાની ફેસન ગુણકા.
મેમાન—ફરતો જીવ.	સયન—નિદ્રાસન દાશી.
કભમશા—કર્તા સોની.	લૈયાજી—બીકનો રાખનાર.

પોલીસનાં નામ.

લોભીલાલ–પાપીદાસ–મોહીલાલ–અન્યચંદ–સમસેરસિંગ–પકડજી–તાકીજી–છોડભાઇ–હવાલદાર–હલાલખાં, જમાદાર–જેઠામલ, અંબાલાલ-જેલ–સુપરવાયજર, ફોજદાર—ફારૂકજી માજીસ્ટ્રેટ-ઇનસાફ કરનાર, મહમંદનગરની મઝા બંને ગ્રહસ્થના છોકરાઓનું દારૂ પીવું. પછી બંને મુસલમાનના છોકરાઓની સાથે ગુણિકાના ઘરમાંથી ચોરી કરવી ને પછી ચોરનું જુગાર રમવું, રમતાં રમતાં મારા મારી થવી. પોલીસનું આવવું ચોરને પકડવા. કેસ ચલાવવો. ગુણિકાનો માલ પકડાવવો. બાદ તપાસ કરતાં ચારે ને સજા અપીલ કરવી. મીજલસનો દિવસ ચારેનું જેલમાંથી છૂટવું પછીથી સુધરાઇ ખાતું.

આ અમુલ્ય ચોપડી ખરીદનારે દારૂ પીવો નહી. દારૂથી થતી........ખુવારી....જુવો ભિખારી થવું હોય. કરજદાર રહેવું હોય. છોકરાંને ભૂખે મારવાં હોય. તનદુરસ્તી બગાડવી હોય. માંદા પડવું હોય. નબળા થવું હોય. લોકોને હસાવવા હોય. મૂર્ખામાં ખપવું હોય. આબરૂ ગુમાવવી હોય તો ઘરના દામ ખરચી ગાંડાની સંગે જાવો અને દારૂડીઆ બનો. મારા વ્હાલા વાંચકો આ પહેલો ભાગ છપાવ્યા પછી બીજો ભાગ છપાય છે. તેની કીંમત ખાસ ગ્રાહકો માટે જુજ રાખેલી છે. કીંમત બે આના.

મનોવૃત્તિ મહારાજાના નામનું નોવેલ થોડા વખતમાં છપાઇને બહાર પડશે. આ ઇનામી પુસ્તકની કીંમત આઠ આના. પાછળના ગ્રાહકને માટે એક રૂપીઓ ઇનામમાં એક ફેન્સી કપુરની માળા. તે આજકાલ નાત જાતમાં પહેરવા તેલ, અત્તર, ઉગારવા ખાસ શોખીન ગ્રહસ્થોને માટે દેશી બનાવટથી બનાવેલા મણકા કપુરકા કે કપુર ઉડી ના જાય. મણિકો ના ભાગે આ ૧૦૮) મણકા જડીત બે જડીત માળા તૈયાર કરી દરેક ગ્રાહકને ઇનામ તરીકે આપવામાં આવશે. બનાવનાર શા. ભાઇલાલ મગનલાલ મુકામ અહેમદાવાદ. ઠેકાણું પંચ્યાપોળ, બદ કાથોના ગાલીચા, હેમસુબ, સપાટો, ચક, ભોટવા, ભરતના બ્રહ્માઆસન, સાબુ ધોવાની ભુકી તથા કાબરો, ધાબરો, પત્થરીઓ, દેશી વિદેશી ગમે તેવો વીંછી ન કરડે તેવા મંત્રથી મંત્રેલી એક ફેન્સી વીંટી તે પણ અમારી પાસ હિંદુસ્તાનમાં હજારો ખપી જતા થોડી રહી ગઇ છે. કીંમત ચાર આના. અને આ ચોપડી ખરીદનારને ઇનામ તરીકે આપવામાં આવશે. તેથી વધારે સુચના પત્ર વ્હેવારથી મળશે. માટે મંગાવી ખાત્રી કરો.

અમારૂં ઠેકાણું.

શા. ભાઇલાલ મગનલાલ.

ઠે. પંચ્યાપોળ— અહેમદાવાદ.



મહેમદાવાદની મજા.

કુશંગાસંગ દોસ્તણાં કાષ્ટ ઘંદાને વીટંબણા.

દોહરો.

વાંચો વાત વણિકની, વિચારો વિદ્વાન.
મૂરખને આ શીખ છે, જોતાં મળે છે,
અંધેકુ દો આરશી, બહરેકુ પુરાણ.
એવું આ પુસ્તક રચ્યું, વાંચો પ્યારા જાન.

ગ્રીષ્મ રૂતુની રળીઆમણી રાત શોભી રહી છે. લગભગ ઘડીઆળમાં આઠ નવ વાગ્યા હશે તે વખતે હું મુસાફર જીવ મહીસાગર કિનારે મઝા મારવા (શોખ મારવા) મહમંદપુર નગરે જઇ ચઢયો. પણ સાગરના મોટા કિનારાનો પાર આવતો નથી. ચંદ્રમાં ચકચકાટ ચળકી રહ્યો છે. ચંદ્રની ચોમેર ચુમ ચુમ ચળકાટ આપી રહી છે. મોટા મોટા શેઠીઆ લોકો સાગરને કિનારે શોખ મારી રહ્યા છે. તેમ પાન ખાઇ પ્રેમથી પીચકારીઓ મારી રહ્યા છે. દારૂડીઆ દારૂની લહેજતમાં ડોલાં ખાયાં કરે છે. એમ સર્વે માણસ પોતાને ફાવતો શોખ મારી રહ્યા છે. ચંડોલીઆ;

થકી પીલ્યાં કરે છે, આવું જોતો જોતો સુંસરો ચાલ્યો કરૂં છું. રાત રણુાસુર ચાલી જાય છે. સાગરને કિનારે દીવા દાંડીનો દેખાવ. લાઇનબંધ લાગી રહ્યો છે. બેસવાના , સુંદર બેંચ શોભી રહ્યા છે. હું મુસાફર આવી ગમ્મતને રમ્મત જોતો જોતો ચાલ્યો જાઊં છું ત્યાં રસ્તામાં કોઇ બે શેઠીઆના છોકરાઓ દારૂ પી દારૂની લહેજતમાં જતા હતા. પછવાડે હજારો માણુસો મધુવો મધુવો બુમ મારી રહ્યા છે તેમ બંને શેઠીઆઓના છોકરાઓનું રૂપનું નુર જોતાં, તો પાર આવતો નથી કે જાણે ખરેખર મૂખ ઉપર ચંદ્રમાં બીરાજ્યા હોય. કોટ, ઘડીઆળ, (સ્ટીક) લાકડી, ફેટો, પાટલુન વગેરે ડ્રેશ દેખાવમાં પુરતો ઠાઠ આપી રહ્યો છે. આ ગમ્મત જોવાને માટે હું એક બેસવાના મેજ ઉપર બેઠો. હવે આ બંને દારૂડીઆ સાગરને કિનારે શોખ કરતા કરતા ચાલ્યા જાય છે. ત્યાં એ ભૈયો કુરમરા લઇ વેચવા બેઠો હતો. આ ભૈયાને જોઇ બંને દારૂડીઆ ભૈયાની પાસે આવી 'ભૈયાને પૂછવા લાગ્યા. ત્યાં હજારો માણુસોનો મેળાવડો થઇ રહ્યો છે. હું મુસાફર આ ગમ્મત જોયાં કરૂં છું. બે દારૂડીઆ કહેછે. અબે ભૈયાજી દો પેસે કા કુરમરા દે. કયુ બે દેતા હે કે નહી. દેતા હે. જલદીસે દે.

ભૈયાજી—અભી દેતાહું ખડે રહે જાવ, ઉતાવળ હોયતો ઘોડી ઈદર તાણી બાંધ.

દારૂડીઆ—ભૈયાજી બહોત વાર નહી કરો. કારણકે હમેરે ખાનેકી સબ ટેસ ખરાબ હો જાતા હે રોકડા બેદામ પછી કરકામ કર્યું ભાઈ.

ભૈયાજી—લે લેભાઈ ઈદરસે ચલેજા. સમજ નહિ તેરા બકાલપણા અભી બગાડ દેતા. જા જા બહુ શરમ છે. આટલું બધું. સમજાવતાં દારૂડીઆ માનતા નથી. માટે લાવ પોલીસ હું બોલાવું આવું ધારી પોલીસને હાંક મારી કે તુરત મહમદનગરમાં ફરતો છુપો પોલીસ આવ્યો અને ભૈયાજીને પુછવા લાગ્યો કે આ શી ગરબડ છે.

પોલીસ—ભૈયાજી એ એતના બધા બખેડા કર કાયકુ ખડા રહ્યા હે. ભૈયાજી કહે છે દેખોને એ દોનું અપના મહમદનગરમાં બે શેઠીઆના છોકરાઓ દારૂ પી આવેલા છે તે બધો બખેડો કરી ઉભા રહયા છે.

પોલીસ—કયા કરે. ભૈયાજી ? સાલે દોનું લખપતિકે ઘરકે લડકે હે. પણ ખરાબ સોબતે બીગડ ગયા હે મેં સારી રીતસેં પીછાનતા હું મેં સમજાવીને કાઢયા તો પણ પાછા તમારી પાસે આવી બખેડો કરવા લાગ્યા.

ભૈયાજી—પુછો એ સામા બેચ ઉપર કોઇ મુ-સાફર બેઠા છે તે આ બધી ચરચા જોયાં કરે છે.

પોલીસ—મુવા અપને કયા કરશે તેવું ભોગવશે પણ હવેથી તુમકુ સતાવે તો હમકુ બોલાના હમ પણ સાગર કીનારે શોખ કરતે ચલે જાયગા.

દોહરો.

મુસાફર સાગર તીરે. મોજ મારવા જાય.
બે દારૂડીઆ દેખીને. દીલ ઘણું ગભરાય.
વિચાર્યું વિવેકથી. સુધાર્યું સૌ લોક.
દારૂમાં ઇજત તજી. પાડે છે જન પોક.
આવું ધારી ઉર વિષે. ઉઠયો તે બળથીજ.
પુછું પાસમાં જઇ એને. કોણ તમારૂ બીજ.
શું નામ કયું ગામ. કયાંથી આવ્યા આમ.
ક્ષમ ગુમાવી હામને. તજાવો શું ઠામ.

મારા વહાલા વાંચકો મે દારૂડીઆનું નામ પુછયું તો દારૂડીઆ નિશામાં પુરૂ નામ પણ બતાવતા નથી. અને દા-રૂની લહેજતમાં ચકચુર બની સાગર કિનારે ચાલ્યા જાય છે. રાત રના સુર ચાલી જાય છે. દારૂનો ઇજારો છે નથી એ-ટલે ગમે તે વખતે દારૂડીઆ દારૂ પી ચાલ્યા જાય. અને હું

મુસાફ્રર આ ગામ જોતો ચાલ્યો જાઉં છું ત્યાં આગળ એક દારૂનું પીઠું આવ્યું ત્યાં કોઇ બે મુસલમાનના છોકરાઓ પીઠા બહાર ઉભા હતા. ત્યાં આ બંને ગૃહુસ્થના છોકરાઓ મુસલમાનના છોકરાઓની પાસે આવ્યા. અને જાણે ખરેખર દોસ્તદાર ન હોય તેમ વાતો કરતા ચારે છોકરાઓ દારૂના પીઠામાં ગયા. હુ મુસાફ્રર આ ગમ્મત જોવા થોડી વાર પીઠાની બહાર ઊભો રહયો. કે તુરત આ ચારે જણુ દારૂ પી ખુબ ચકચુર બની પીઠાની બહાર નીકળ્યા. જાણે ચારે અત્યારે બે ઘડીના બાદશાહુ ના હોય. એવા બન્યા અને પછી તો આ સરીયાન રસ્તા ઉપર બેફાક બોલતા જાય છે. કારણુ કે લગભગ ઘડીઆળમાં રાતના બાર વાગવા આવ્યા હુશે. ચોકીવાળા ચોગમ ચેણુ પોકાર્યાં કરે છે. કોઇ જાગે છે. ઊંઘે છે. ચોર ચોર કરે છે. દારૂડીઆ દારૂની લહેજતમાં ચાલ્યા જાય છે. મહુમદપુર મણી માફ્રક મજરો કરી રહ્યું. બજાર બારીક બાંધણીનું બહાર ઉડાવી રહ્યું છે. ગુણીકાનાં ઘરો આખી રાત ખુલ્લા રહે છે. તેથી આ ચારે થારૂડીઆ ગુણુકાના વાસમાં ગયા તો ઘણિકાઓ નયણુંના ઇસારા તથા આંગળીના અણુસારા કરી રહી છે. તેમાં એક રૂપવંતી ગુણુકાનું મકાન રૂસનાઇથી રંગીત બેરંગીત ઓપી રહ્યું છે. હું મુસાફ્રર પણુ આ ગમ્મત જોવા ઉભો રહયો. તે ગુણુકા-

ઓનો વાસ સ્ટેશનની નજદીક હતો. ત્યાં ચારે દોસ્તદારો ખુબ દારૂ પી ચકચુર બની આવ્યા. એવામાં સ્ટેશન ઉપર સામેના સ્ટેશનથી ગાડી આવતી માલુમ પડી તે જોવા માટે ત્યાં આગળ ઉભો રહયો.

ગાડી વિષે, રાગ કવિત છંદ.

આવી રેલ ગાડી. શહેર ઠેર સ્ટેશન વાડી.
ધમ ધમ કરતી ઝલકારાથી જાય છે.
ઇન્જીન અવાજ કરે પોટર નિશાન ધરે.
ત્યારપછી તાર જાય. તારે ટીકીટ થાય છે.
રસ્તામાં રેલ પુલ. બેઠાનું લેછે સુલ.
કુલ તે હીસાબ કરે. નાણું નહી ગણાયછે.
સુસરી સપાટા બંધ. ધુમાડાની આવે ગંધ.
આવે સ્ટેશનની પાસ. સીંગલ પડાય છે.
ટીકીટો ચેક કરે. નોકરો ફેરો મારે.
બરફી પેંડા ખુબ માલ. તાજા વેચાય છે.
બેસે કંઇ રંકરાય. કંદોઇની પેદાશ થાય.
મીઠાઇયો ખુબ ખાય. ઢેડ પાણી પાય છે.
મુંબઇથી ઉપડી. સુરતમાં સાસર વાસ.
અમદાવાદમાં ઝુંપડી. બાંધીને રોકાય છે.

મઅ કુદરતે હાલ. બનાવ્યો ખુબ ખ્યાલ.
તાલ લેઇ મજેમાં છેલ ગાતા કંઇ જાય છે.
જુવો જન ચીત ધરી. ગાડી ઘડનારે વળી.
કારીગરી ખુબ કરી ઇંજીન જોડાય છે.
બારીક બહુ કળ મુકી. કળથી ચલાવી ફુકી.
ઓછા વત્તા ઘણા ભાર. ઝટ વારે જાયછે.
વિલાયતી વિવેકજનો. હિંદુમાં વધુ તોફાનો.
થાય જાય હિંદની. ચડતી પડતી જણાય છે.
ડબા સૌ ખીલી રહ્યા. ફર્સ્ટકલાસ જોડાઇગયા.
ક. ભ. મ. કવિરાજ કંઇ. ગાય ખુશ થાય છે.

ગાડી જોઈ રહયા પછી દારૂડીઆ શું કરતા હતા તે ગમ્મત જોવાને માટે ઉભો રહયો હવે ચારે દારૂડીઆ ગુણ-કાના વાસમાં આવો વિચાર કરવા લાગ્યા કે " મિત્રો આ-જકાલ આપણી દોસ્તી ઘણા વખતથી થઇ છે હજારો રૂ-પીઆ આપણી જીંદગીમાં ગુમાવ્યા પણ એક પૈસો વધારી ન જાણ્યો, માટે હવે આપણે એવો રસ્તો ખોળી કાઢીએ કે ખુબ પૈસા પેદા કરીએ અને વગર પૈસે વેપાર કરીએ. તોજ તાલેવાન થઇશું બે દારૂડીઆએ કહયું કે ઠીક ત્યારે જાઓ કાલે અમારે ઘેર આવજો ત્યારે અમે વગર પૈસાએ વેપાર કરવા બાબત બધી સમજણ પાડીશું. એમ કહી

ચારે મિત્રો પોતપોતાને ઘેર ગયા, અને હું મુસાફર ગાડી-નો વખત થવાથી ટીકીટ લઇ મારે જવાની ગાડી આવી તેમાં બેઠો પછી થોડી વારે જ્યારે ગાડી ધમધમ કરતી ઉપડી ત્યારે જોડેના ડબ્બામાં એક હિંદુ અને ઢેડ વાદવિવાદ કરતા હતા ઢેડ કહે છે હું મોટો ને હિંદુ કહે છે હું મોટો એટલે તો હિંદુભાઇનો મિજાજ મુલતાનમાં પોકી ગયો એ-ટલે ઉભો થઇ ગુસ્સામાં કહેવા લાગ્યો કે "એકદમ ડબ્બા-માંથી ઉતર ઢેડ કહે છે." જા જા હવે, નથી ઉતરતા. શુ કંઇ તારા બાપનો ડબ્બો છે. તેં પૈસા ખરચ્યા છે ને મેં કાંકરા ખરચ્યા છે. જા નથી ઉતરતા. તારાથી થાય તે કર." હિંદુ—જોવું છે તારે હું ખરૂં કહું છું. ઉતરવું હોય તો ઉતર. નીકર મારે હમણાં હાથે ઝાલી નાંખી દેવો પડશે. શું તું કાંઇ અમારો હિંદુનો ધર્મ ભ્રષ્ટ કરવા આવ્યો છે. ઉતર એકદમ.

ઢેડ—જોને તારા ના કહ્યા ઉપર ગાડીમાં તારી સાથે બેઠો તો ખરો. જા હવે તારાથી થાય તે કર. હું, કંઇ તારાથી ડરતો નથી. જેવો તું માણુસ છે. તેવો હું પણ માણુસ છુ.

હિંદુ—હશે ભાઇ, બેશ ત્યારે મારે શું. અમારા વા-ણીઆ ભાઇની નીચી મૂછ. હમણાં હું, તારી સાથે તકરાર

પરંતુ અમારા હિંદુભાઇઓનો સંપ નથી, ને ઇંગ્રેજના હુ-
થીઆરથી લડે છે. પણ ભાઇ ! હું તો કલમથી લડીશ.
તારે જોવું હોય તો જોઇ લેજે.

એમ કહી હિંદુ પોતે પોતાની જગ્યાએ બેશી ગયો.
હું, મુસાફર પણ આ ગાડીની ગમ્મત જોયા કરૂં છું. ગાડી
ધમધમ ચાલે છે, ને શીતળ પવનની મંદ મંદ આવતી
લહેરોથી હું, મનમાં વિચાર કરૂં છું કે, અરે આજનો
દીવસ અતિ આનંદમાં ગયો. આ ગાડીમાં બેઠાથી આ એક
બીજુ' ફારસ પણ જોયું. એક તો ગાડીની ગમ્મતને બીજો
વગર પૈસે વેપાર ચલાવવો.

એવો વિચાર કરૂં છું કે તુરત મારૂં ઉતરવાનું સ્ટેશન
આવ્યું. ત્યાં હું અને આ ઢેડ પણ ઉતર્યો. ઢેડ તો દડબડ
ધડબડ કરતો બધા હિંદુ ભેગો ચાલ્યો જાય છે. ને હું મુ-
સાફર મારે સ્થળે ગયો કે તરત તડીંગ તડીંગ ઘડીઆળમાં
સવારના ચાર વાગ્યા એટલે હું દાતણપાણી કરી નાહિ ધોઇ
સંધ્યા કરવા બેઠો. આખી રાતનો ઉજાગરો છે એટલે સંધ્યા
કરી જલદી સુઇ રહું. આવો વિચાર કરી ઉંઘવા માટે પ-
લંગ પર જઇ સુતો. પણ નિદ્રા તો આવીજ નહિ. અને
તરત વિચાર અફલાયાથી ઉભો થઇ કાગળ પેનસીલ લઇ
લખવા બેઠો તો એક આ વગર પૈસાનો વેપાર અને બીજી

આહીની ગમ્મત, તેજ યાદ આવી. ને વિચાર કરવા લાગ્યો કે આ નિશામાં કેટલું તત્ત્વ છે, કે આ દારૂડીઆ વગર પૈસે વેપાર કરે છે કે ખાલી નિશામાં બકતા હશે. ના, ના, પણ તે ખરૂંજ પડયું. વગર પૈસાએ અનેક વેપારો કર્યો પણ તાલેવન ન થયા કારણ કે દારૂની નિશામાં આતો ગ્રહુસ્થના છેકરા હતા પણ આતો શું આખા પ્રભાસપાટણના નાગરો અને તેમજ હજારો દારૂડીઆ વિદ્વાન દેવામાં ડુલી દવભેગા થઇ ગયા ને જો કંઇક રહયા તો દારૂપી જુગારના ઝપાટામાં ચઢયા તો તેમના તો બાર વાગી ગયા (પાંડવો કંઇ થોડા પરાક્રમી હતા ? તો પણ તેમને પોતાની દ્રૌપદી સરખી રાણી સાથે પોતાનું રાજ ગુમાવી રણમાં રઝળતા રહેવું પડયું નળરાજા પણ પોતાની દમયંતી રાણી વનમાં એકલી તજી દઇ ચાલ્યા ગયા હતા.) અને જો કંઇક બચ્ચા તો તે ચોરી કરતાં શીખ્યા તો ચોરીમાં (ચતુર ચૌદ ચોકડીનો રાજા રાવણ સીતાનું હરણ (ચોરી) કરી લાવ્યો હતો તેવાને પણ રામને હાથે રણમાં મરણને શરણ થવું પડયું તો) આખરે આ દારૂડીઆની પણ એજ દશા થવાની તેમ વગર પૈસાએ વેપાર તે પણ તેવોજ થવાનો કે સુરજ ઉગ્યો એટલે હું તરત કપડાં પહેરી મહીસાગરને કીનારે મોજ મારવા નીકળ્યો અને કાલની જગ્યાએ આવી બેઠો કે થોડી વારે

પેલા કાલવાળા ચારે દારૂડીઆ ખુબ દારૂ પી આવ્યા અને ગુંણુકાના આ વાસમાં પેઠા પણ ભાઇ ? આ દિવસનો તો ગોટાળો બહુજ વધી પડયો એટલો કે લખતાં કલમ પણ કહ્યું કરતી નથી એટલે વિચાર બદલાઇ ગયો.

એક સત્યથી ચાલવું તેના જેવું બીજું એકે સુખ નથી અંતે ધરમ તરશે ને પાપ ડુબશે આ કહેવત મને દુનિયામાં ખરી લાગી તેમ તેના હજારો દાખલા વાંચ્યા અને સમજુતી પુરી લઇ એક સત્યથી ચાલવું.

નિશાનું તત્વ (મનહર છંદ)

અફીણના ખાનારાઓ, અમલને વળગી રહયા.
આજકાલ નિશા માંહિ, નિશા છે અફીણની.
રૂડી આવી નિશા જોઇ, મોહી કંઇ રહ્યા છે રાજા

અહીંથી અધુરી સુધી બીજા ભાગમાં પુરી કરવા ધાર્યું એટલે બીજો ભાગ પહેલેથી ખરીદનાર પહેલા ભાગના ગ્રાહકોને ઇનામ તરીકે આપવા ઠરાવ કર્યો છે કારણ કે બીજા ભાગમાં રસ વધુ છે લગભગ બીજો ભાગ ત્રણ ચાર ફરમાનો થશે પછી લખાણ ઉપર હિસાબ બંને ભાગની થોડી સુચના વાંચી વિચાર કરો કે આશરે પચાસ પૃષ્ટ થશે તે વાંચી વાંચક વર્ગ કેટલા ખુશ થશે.

કહત ક. ભ. મ. રાજઆજ, નિશા એવી ન્યારી હે
દારૂના પીનાર સહુ, દોલતને ગુમાવી તમે.
ખાલી બદનામ કરી, જુતીઆં ખુબ ખાઓછો.
ઇશકના રમનારા, હરામજાદા છો તમે.
ગુણકાના વાસમાં, પ્રવેશ નિત થાઓ છો. ૧
ગાંજાના પીનાર સહુ, ગુણતો સમજતા નથી.
સાધુ સંત મહાત્માને, મુની મન ચ્હાય છે.
રંગમાં સૌ રમી રહ્યા, રોજપીને મસ્ત બન્યા.
ખાલી નામ ગુમાવો છો, ઇજ્જત ઓછી થાય છે.
સુકાના સૌ છેલ તમે, ચ્હાય તેની નિશા કરો.
વ્યસનને વસ થયે, ગયા ગામ નહિ ઠરો.
હરકોઇ નિસા કરો, પણ પૈસા સમાન નહિ.
ક. ભ. મ. કહે ભકિત ભલી, શકિત ભય જાય છે. ૨

સવયા એકત્રીસા.

સુકકા પીવે ઓ સુકાજાવે, ગાંજા પીવે તો હોવે જ્ઞાન.
અફીણ ખાવે આળસ આવે, દારૂ પીવે ઓય નાદાન.
જે તે વ્યસન સું પ્યારી, કોઇ દીન કરતી તે ખુવારી.
દુધ પાવે ઓહિ સરપજ કાટે, બાંધ્યો પ્રેમઓ મારે લાતે. ૧
ઐસી વ્યસનો હર કોઇ ધારૂં, રાજપાટ હાર્યા રજવારૂ.
વ્યસન હરિનું દુખ હરનારૂં, ઓ વ્યસનીકું પાર ઉતારૂં.

વ્યસન કરી કહેવાયા લાલ, આખર થાવાના એ પાયમાલ.
સુખી દુઃખી સૌ કરજો ખ્યાલ, સુટાણે ગાયે ભાઇલાલ. ૨

મનહર છંદ.

કુસંગ અંગ રંગ થકી, ઉમંગ થાય ભંગવરી.
અતિ દિલદાર તે, વિચાર આ બદલાય છે.
જુઓ કૌચ મોગરોતે, કેમ કરી છુપાં રહે.
જેને જેવી સોબત તેવું, ફળ તેને થાય છે.
રંગીને ભંગી મલે તો, સંતો પાસે જઇ ઠરે.
દારૂડીઆની સંગથી નર, પળમાં બદલાય છે.
અફીણ અને આળસુ, જેને જેવો તેવો પ્યાર.
મીલો સો મટ્ટીમાં યાર, દિલદાર એક નાર છે. ૧

મ્હેમદાવાદની મઝા.

રાગ ચોપાઇ.

મહેમદાવાદ છે સુંદર શહેર, નાગબાઇ માતાની મહેર.
મહમદશાહનું મોટું ગામ, સુંદર જે બંધાવ્યાં ઠામ.
કુવા વાવને નદી તળાવ, શોભે સુંદર પાણી ભરાવ.
બંધાવ્યો ભમરીઓ કુવો, તેની શોભા સો જન જુવો.
રોજા રોજી મોટું ઠામ, મુસલમાની પંકાતુ ધામ.
દરવાજા શોભે છે ચાર, એની શોભાનો નહીપાર.

ધન ધન રણમુકતેશ્વર નામ, જાત્રાળુનુ મોટું ધામ.
બહુ જન શિવરાત્રી એ જાય, દેવ તે દીવસ પુંજાય.
મહેમદાવાદથી ત્રણેક ગાઉ, હું જોવાને માટે જાઉ.
ધન્ય અસલ વખતના જન, તેમનાં મન સદા નિર્ગમન.
એવા લોકો હાલે નથી, શું વખાણ કરૂં હું કથી.
ધન જન હરગોવન દાતાર, સુ કૃત્ય કહુના આવે પાર.
મહમદપુર નાનું મુંબાઇ, એવી શોભા કંઇએ નહી.
મ્યુનીસીપાલિટિ ઇસ્પિતાલ, ભણવાને મોટી નિશાળ.
કન્યાશાળા ઉર્દુ નિશાળ, પઢવા આવે સૌનાં બાળ.
પિંગળ પાઠ પઢયો હું નથી, બનાવ્યું અકકલથી મથી.
ભુલ સૌ માફ કરજો મારી, જ્ઞાન વડે લો સુધારી.
કોરટને ગાડીનું ઠામ, ગ્રંથકર્ત્તાનું લખ્યું છે નામ.
ખેડા જીલ્લાનું છે ધામ, પંડયા પોળ તેનો મુકામ.
અલ્પ મતિથી રચીયુ આ, વાંચી ખુશી થાવો હા.
રાગ રમણીક છે ચોપાઇ, મધુર સ્વરે લેજો ગાય.
સરસવતિ માજીની સ્હાય, તેના પ્રતાપે સોકો થાય.

આ પ્રમાણે મહમદપુર મણી માફક મજરો કરી રહ્યું છે, તેની મઝા લખી રહયો. (રાત પડવાથી) ઉજાગરો હોવાથી નીરાંતે સુતો.

છપ્પો..

હું નથી કવીની તોલ, પિંગળ કદી નહી પઢીઓ
હું નથી કવીની તોલ, ભાષાંતર નવી નહી વઢીઓ.
હું નથી કવીની તોલ, કવીના ગુણે નહી ગણીઓ.
હું નથી કવીની તોલ, અવનિમાં અવતાર જાણીઓ.
એકે કવી કીરતી પ્રભુ તણી, કરી કોયની જતી નથી.
નામ પાડયાં તેજ તેમ, અમ્મર રહે સુણો કથી.
અપાય કવી પદવી, બનાવી શ્રેષ્ટ જે પૃથ્વી.
અપાય કવી પદવી, કાયાને ઘડી તે સર્વથી.
અપાય કવી પદવી, કળ્યા જે મનુષદેહ સારા.
અપાય કવી પદવી, આધારે આડ પહાડે તારા.
પોઇટ (કવી) પદવી પ્રભુ તણી, જગકર્ત્તાનો તે ધણી.
ક. ભ. મ. કહે કલ્યાણ કરો, શ્રી હરી તમે રણીધણી.

આ પહેલા ભાગની વાત અધુરી મુકવાનું કારણ જેમ ગોટલાને ખેતરમાં રોપી, પાણી પાયાથી ધીમે ધીમે નાનું આંબાનું વૃક્ષ થાય, કોમળ પાંદડાં આવે, મલકાતો મહોર થાય મોટો થયો કે કેરી દેખાય, તો તે ફળ જેના નશીબમાં હોય તે ખાય, તેમ વાંચકવર્ગને રસ પડે, ને હું જુક્તિથી કેળવાનું તેને માટે ખાસ મેં પહેલો ભાગ છપાવી, બીજો ભાગ છપાય છે. અગાઉથી થનાર ગ્રાહકને આપવામાં આવશે. તે વાંચક વર્ગ કેટલા ખુશ થશે, એજ—સત્યે જય.......

બાકી ગ્રાહકો.

અહેમદાવાદ.

સા હરીલાલ બાકરભાઈ,

સેઠ જીવણલાલ મગનલાલ,

મહેતા ડાહયાભાઇ ભાઇસંકર,

અમદાવાદ.

સા પ્રાંણવલ્લભ ગોકળદાસ,

નડીઆદ.

સા જેઠાલાલ હરગોવંનદાસ,

સુતાર મુળજીભાઇ ભુલાભાઇ,

જાહેર ખબર.

અમારે ત્યાં દેસી રંગાટીના સાલ્લા (ગોદડાં) રંગાટી સાંઢણીઓ, વીગેરે, ભાતભાતના રંઅનાર ભાવસાર હરીગોવંનદાસ મુકામ. મહેમદાવાદ ઠેકાણું નડીઆદી દરવાજે જતાં ધી મહેમદાવાદ વોસીંગ તથા ડાઇંગ કંપની, અમોએ આ મહેમદાવાદમાં, સારા અને પ્રમાણીક માણસ સાથે મલી આ કપડાં ધોવા કંપની કહાડી છે તેમાં રેસમી તથા સુતરાઉ દરેક કપડાં, સફાઇબંધ ધોવામાં આવે છે, માટે એક વખત અમારી કેળવાએલી કંપનીનો લાભ લેવા અચકાસો નહી

માલીક દેસાઇ નરોત્તમ ભોગીલાલ.

અગાઉના ગ્રાહકનાં નામ.

(મહેમદાવાદ)

સૈયદ હુશેનમીયાં મુરનરમીયાં.
કોઠારી રણછોડલાલ મોહનલાલ.
કોઠારી ત્રીકમલાલ અમરતલાલ.
દેસાઇ નાથાલાલ ગોકળદાસ. મીઠા માસ્તર
સા વીઠલદાસ જીભાઇ.
ઝવેરી કેશવલાલ છોટાલાલ. ગલીચાવાળા
મોદી પરશોતમ છોટાલાલ.
સા ડાહ્યાલાલ હરીલાલ.
સા ભઇલાલ દામોદર. દાણાના વેપારી
પંડ્યા ચુનીલાલ ગોપાળદાસ.
જોસી વીઠલદાસ છોટાલાલ. ઠાકોર
પાઠક ભઇલાલ લલુભાઇ. ઘડીઆળી
પટેલ છોટાલાલ નાથજીભાઇ.
સા મણીલાલ સાંકળચંદ.
સા ગોકળદાસ મોહનલાલ.
સા સાંકળચંદ છગનલાલ. (કાપડના વેપારી)
સા છોટાલાલ મોહનલાલ.

સા સોમાલાલ ગોકળદાસ.

સા ગીરધરલાલ મોહ્નલાલ.

સા ગોકળદાસ ભગવાન. (ળીડીના વેપારી)

મહેતા જેઠાલાલ કાળીદાસ.

મહેતા ઉમીઆશંકર જીવણલાલ.

સા ભઇલાલ ભોગીલાલ.

દેસાઇ મણીલાલ ભોગીલાલ.

જોસી રતીલાલ વસંતરાય.

સા ચંદુલાલ જેઠાલાલ.

ગાંધી ચીમનલાલ ચુનીલાલ

ઠાકર કેશવલાલ મંછારામ. (ચાહાવાળા)

સા મણીલાલ જેઠાલાલ.

પાઠક જીવણલાલ દાજીભાઇ. (ગુડસ કલાૅક)

ભાવસાર લલુભાઇ એન્ડ જમનાભાઇ.

નાંનાભાઇ એન્ડ સાંમળભાઇ

સા છોટાલાલ આસારામ.

દેસાઇ ગોકળદાસ કુબેરદાસ.

(નડીઆદ.)

પરીખ ચીમનલાલ કેશવલાલ.

પરીખ ત્રીભોવંનદાસ હરીલાલ.

પટેલ છગનલાલ જીજીભાઇ.
વકીલ મુળજીભાઇ મોતીભાઇ.
સા મુળજીભાઇ લલુભાઇ.
ત્રવાડી ગુણવંતરાય જીવણરામ. (અમદાવાદ)
કવી જયંતીલાલ સોવલાલ. (ઉતરસંડા)
સા હીરાલાલ મોહનલાલ.
ત્રીપુરાશંકર પ્રભાશંકર (ખેડા)
મહેતા હરીશંકર ઉમીયાશંકર.

(અમદાવાદ.)

સા મંગળદાસ હીરાચંદ.
સા પુનમચંદ અમથાલાલ.
સા બાલાભાઇ જેઠાલાલ.
નંદશંકર વિશ્વનાથ
શાંન્તીલાલ વીશ્વનાથ
પટેલ ભોગીલાલ રવીચંદ.
દેસાઇ છોટાલાલ નાથાભાઇ. મહેમદાવાદ (દીસા)ટાઉનમાસ્તર
મહેતા મણીશંકર ભીમજી. (મોરબી)
શેઠ ભીમજી વજયારની. દુકાને
મીયાં બાદરભાઇ મહમદભાઇ. (વડોદરા)
દેસાઇ ગંગાપ્રસાદ કાસીપ્રસાદ. (કડી) હોસપીટાલ
પરીખ નારણદાસ મણીલાલ. બ્રેંચ સ્કુલ (વડોદરા)

વહેલો તે પહેલો. વહેલો તે પહેલો.

વીંછીની દુશ્મન વીંટી.



થોડીજ વીંટી શીલીકે રહી છે.

આ વીંટી હાથની આંગળીએ પહેર્યાથી, કાળો યા ધોળો ગમે તેવો વીંછી કરડતો નથી. કારણકે તે વીંટી એવા મંત્રથી મંત્રેલી છે કે શરીરના કોઇ પણ ભાગને વીંછીનો ડંખ વાગી શકતો નથી અજાણથી વીંછીનો ડંખ વાગે તો વીંછીનું ઝેર ચઢતું નથી માટે દરેક ઘરમાં દરેક માણસે આ વીંટી રાખવાની અવશ્ય જરૂર છે. અમારી પાસેની હિંદુસ્તાન ખાતે હજારો વીંટીઓ ખપી ગઇ છે. કીંમત માત્ર ચાર આના લઇને આપવામાં આવશે.

શાહ ભાઇલાલ મગનલાલ

ઠે. પડયા પોળ

મુ. મહેમદાવાદ.

જાહેર ખબર.

મહેરબાન સાહેબ ! ગુર્જરભાઈઓને વાંચનનો લાભ વ-
ધારવા માટે અમે આ સાહસ કામ ઉઠાવ્યું છે માટે આશા
છે કે આપ ભાઈઓ અમારી તરફથી બહાર પડેલ બુકો
ખરીદી આભારી કરશો. નીચેના પુસ્તકો અમારી ઓફીસેથી
ચેકડી કીમતે મળશે.

મહેમદાવાદની મજા. ભાગ ૧ લો રૂ. ૦—૨—૦

મેહેમદાવાદની મજા. ભાગ ૨ જો રૂ. ૦—૨—૦

મનોવૃતી મહારાજાની (નોવેલ) છપાયછે. ૦—૮—૦

મનોવૃતી મહારાજા નામનું નોવેલ થોડા વખતમાં છ-
પાઇ બહાર પડશે આ ઇનામી પુસ્તકની કીમત માત્ર આઠ
આના રાખવામાં આવી છે પાછળથી ગ્રાહક થનાર પાસેથી
રૂ. ૧—૦—૦ લેવામાં આવશે ઇનામમાં એક ફેન્સી કપુરની
માળા તે આજકાલ નાતજાતમાં પહેરવા લાયક તેલ, અત્તર
ઉગારવા ખાસ શોખીન ગ્રહસ્થોને માટે દેશી બનાવટથી બ-
નાવેલા મણકા કપુરના છે કપુર ઉડી જતું નથી મણકો ભા-
ગતો નથી આ ૧૦૮ મણકાની જડીત બેજડીત માળા મનો
વૃતી મહારાજાની બુકના હરેક ગ્રાહકોને ઉપરની માળા ઇનામ
આપવામાં આવશે.

શાહ ભાઇલાલ મગનલાલ

ઠે. પંડયા પોળ—મહેમદાવાદ.